## ● ગધેડો ●

આ ગધેડો નસીબદાર છે
એ હમેશાં 'અહીં ' અને 'હમણાં'માં જીવે છે.
ગઈ કાલ અને આવતી કાલના
લોલકમાં તે ગતી નથી કરતો.
તે મધ્યમાં જીવે છે બુદ્ધની માફક;
પરંતુ તેને બુદ્ધત્વની ખબર નથી.
જન્મ્યો ત્યારથી તે સંપુર્ણ ગધેડો છે.
'હું ગધેડો થાઉં તો ઘણું ',
એવું એ ગાતો નથી.
'હું કોણ છું' તે જાણવા તે ધ્યાન કરતો નથી.
તેને કોઈ ચીંતા નથી, દુખ નથી, સુખ નથી.
આનંદની તેને કંઈ ખબર નથી.
તે સ્થીતપ્રજ્ઞ છે.
તેને કોઈની ઈર્ષ્યા નથી.
તેને કોઈ માયા નથી, મોહ નથી.
અનુકંપા નથી, દયા નથી.
તે ક્યારેય ગુસ્સે નથી થતો.
તે જુઠું નથી બોલતો અને
સાચુંય નથી બોલતો.
ગધેડો જે છે તે છે.
તેને ખાલીપા જેવું કંઈ નથી
અને માલીપા જેવુંય કંઈ નથી.
તેને કોઈ ઈચ્છા નથી, અપેક્ષા નથી.
તે ક્યારેય 'બોર' નથી કરતો.
તે પ્રેમ નથી કરતો.
તે ક્યારેય ઉપવાસ નથી કરતો.
તેને સત્યમ્, શીવમ્, સુન્દરમ્‌ની
કંઈ ખબર નથી.
તેને 'બ્રહ્મ-બ્રહ્મ'ની કંઈ પડી નથી.
ગધેડાને મારે ગુરુ બનાવવો છે.

--ઈન્દ્ર શાહ

## ○ ખાલીપો ○

ભરચક ભીડ વચ્ચે
ધ્યાનસ્થ બેઠો હોય છે ખાલીપો.
હું કોલાહલથી તેને વ્યર્થ ભરવા મથું છું.
હું જ્યાં જાઉં ત્યાં--
લગ્નમાં, પાર્ટીમાં, સીનેમામાં,
નાટકમાં, સંગીતમાં
પડછાયાની જેમ પીછો કરે છે એ.
ઉંઘમાં પણ એ મને છોડતો નથી
છળી ગયેલા બાળકની માફક
મને વળગીને એ સુઈ જાય છે
મારી પડખે આખી રાત.
ત્રણ કાર ગરાજ અને પાંચ બેડરુમના
ઘરને સંપુર્ણ રીતે તે ભરી દે છે
અને તેને હું અણગમતા અતીથીની
જેમ વીદાય આપવા ઈચ્છું છું;
પણ નવજાત શીશુની માફક
રાતે ન વધે તેટલો દીવસે,
અને દીવસે ન વધે તેટલો રાતે
તે વધે છે, વધે છે, વીસ્તરે છે, વીસ્તરે છે....
અને આખો અવકાશ
તેનાથી ભરાઈ જાય છે
અને પછી તે અજગર બની
મને વીંટળાઈ વળે છે,
મને ભીંસે છે,
હું હવાની જેમ તેને કાપવા મથું છું
શબ્દોની ધારદાર તલવારથી.
ચોતરફ ઉમટ્યું છે
આ ખાલીપાનું પુર-
ગોઠણ સુધી, ગળા સુધી,
માથાનીયે ઉપર
ઘેરી વળ્યું છે મને
અને હું ડુબું છું,
ડુબું છું, ડુબું છું---

--ઈન્દ્ર શાહ
ઈસ્ટ લેઈક, ઓહાયો, અમેરીકા

ઈન્દ્ર શાહ



## કવી-પરીચય

મુળે કવી હૃદય અને પઢ્યા વકીલાતમાં ! એટલે મીલીયોનેર વકીલોના લીસ્ટમાં તમને ઈન્દ્ર શાહનું નામ ન મળે. બાકી અસંખ્ય ડીગ્રીઓના ઢગલા પર તેઓ બેઠા છે.

અમેરીકામાં ભરાતા મુશાયરા અને કવી-સંમેલનોમાં કોર્ટમાં કેસ લડતા હોય એવા જોસ્સાથી કાવ્ય-પઠન કરતો કોઈ કવી તમે જુઓ તો તે ઈન્દ્ર શાહ જ. વરસોથી ઈસ્ટ લેઈક, ઓહાયો-અમેરીકામાં, પત્ની મીનાક્ષી અને પુત્ર સંભવ(કવીઓનાં બાળકોનાં નામમાં પણ હમેશાં કવીતા છુપાયેલી હોય છે ને !) સાથે રહે છે. એમનો કાવ્ય સંગ્રહ **"બે ફૂલ"** ૧૯૯૧માં પ્રગટ થઈ ચુક્યો છે. ગુજરાતમાં **'કવીલોક'** અને **'કવીતા'** જેવાં સામયીકોમાં નીયમીત રીતે એમનાં કાવ્યો પ્રસીદ્ધ થતાં રહે છે.

કવી શ્રી.નો ઈ-મેઈલ સંપર્ક : indraniket@hotmail.com

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક **'સન્ડે ઈ-મહેફીલ '** માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **'ગધ્ધાવૈતરું?'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




We better go back to India. Now, back home there are good job opportunities & employment benefits. They even have forty hours workweek!

**'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૬૫ -- સપ્ટેમ્બર ૩, ૨૦૦૬**

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ 'વીદેશ-સર્જનોત્સવ' ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

**'ઉંજાજોડણી'** અને **'વીજયા'** ફોન્ટમાં **અક્ષરાંકન :**

ઉત્તમ ગજ્જર : uttamgajjar@hotmail.com
Address:
**Harnish Jani** 4, Pleasant Drive, **Yardville,** NJ 08620-**USA**
Phone-**609-585-0861 : email :** harnish5@yahoo.com